CMA.DC (OLD) No.16-2018

દાખલ તારીખ :- ૨૭/૦૨/૨૦૧૮

રજી. લીધા તારીખ:- ૨૭/૦૨/૨૦૧૮

નિકાલ તારીખ :- ૨૫/૦૧/૨૦૨૩

**સમયગાળો :- વર્ષ માસ દિવસ**

૦૪ ૧૦ ૨૯

**મે.ભચાઉના બીજા ડીસ્ટ્રીકટ એન્ડ એડીશનલ સેસન્સ જજની કોર્ટમાં, મું.ભચાઉ-કચ્છ.**

**દિવાની પરચુરણ અરજ(નવા)નં.૧૫/૨૦૨૦**

**દિવાની પરચુરણ અરજ(જુના)નં.૧૬/૨૦૧૮**

**આંક :-૧૯**

**એપેલેન્ટ/તે મુળ વાદી :** પ્રભુલાલ ધારશી ઠકકર
ઉ.વ.પુખ્ત,ધંધો-ખેતી,
રહે.જલારામ સોસાયટી,ભચાઉ-કચ્છ.

**વિરૂધ્ધ.**

**રીસ્પો./તે મુળ પ્રતિવાદીઓ :** (૧) ભરતભાઈ ગાંગજીભાઈ ઠકકર
ઉ.વ.પુખ્ત,ધંધો-વેપાર
રહે.૧૪૧,ગુજરાત હાઉસીંગ બોર્ડ,
નવા અંજાર-કચ્છ.
(૨) ઈશ્વરભાઈ ગાંગજીભાઈ ઠકકર
ઉ.વ.પુખ્ત,ધંધો-વેપાર
રહે.૧૪૧,ગુજરાત હાઉસીંગ બોર્ડ,
નવા અંજાર-કચ્છ.
(૩) બાબુલાલ હરખચંદ ગડા
ઉ.વ.પુખ્ત,ધંધો-ખેતી
રહે.૭૦૨,બીલ્ડીંગ-૩,પ્રથમેશ વિહાર,
૯૦ ફુટ રોડ,સુરભી રેસ્ટોરન્ટની બાજુમાં,
બોરીવલી(ઈસ્ટ)મુંબઈ.

**એપેલેન્ટ/તે મુળ વાદીના વિ.વ.શ્રી કે.જે.રાવલ**

**રીસ્પો./તે મુળ પ્રતિવાદીઓના વિ.વ.શ્રી બી.ડી.છાયા**

<u>**બાબત** - વિલંબદોષ માફ થવા અંગેની અરજી.</u>

-: ચુકાદો :-

(૧) અરજી વંચાણે લીધી, એપેલેન્ટ/તે મુળ વાદીના વિ.વ.શ્રી કે.જે.રાવલને સાંભળ્યા, રીસ્પોડેન્ટસ/તે મુળ પ્રતિવાદીઓના વિ.વ.શ્રીની રજુઆત સાંભળી.

(૨) હાલની અરજીના અરજદારે આ અરજી કરી નામદાર કોર્ટને વિનંતી કરેલી છે કે, આ કામે તા.૧૯/૧૨/૨૦૧૭ ના રોજ ઠરાવ પસાર કરવામા આવેલ છે. વાદીઓએ ખરીનકલ માટે તા.૧૮/૧/૨૦૧૮ ના રોજ માંગણી કરેલ અને તે રીતે હુકમની તારીખથી ૩૦ દિવસ ગણતા તા.૧૯/૧/૨૦૧૮ સુધીમાં અપીલ દાખલ કરવી જોઇએ પરંતુ તેઓ એપેલેન્ટ કાયદાકીય અજ્ઞાન હોઈ અને સીનીયર સીટીઝન હોઈ તથા વાદવાળા હુકમની જાણ તેઓના એડવોકેટશ્રી તરફથી તેઓને કરવામા આવેલ નહી અને તાજેતરમા તા.૧૭/૨/૨૦૧૮ ના રોજ વકીલનો સંપર્ક કરતા તેઓને તેમના વિરુઘ્ધમાં કેસનો નિર્ણય આવેલ હોવાનું અને અપીલ કરવી હોય તો કરી શકાય તેમ જણાવેલ જેથી આ અપીલ નામ.કોર્ટમાં દાખલ કરેલ છે અને આ અપીલ દાખલ કરવામા દિવસ-૩૮ નો વિલંબ થયેલ છે જે માફ કરવા રજુઆત કરેલ છે.

(૩) નામદાર કોર્ટે રીસ્પોડેન્ટસ/તે મુળ પ્રતિવાદીઓને નોટીસ કરતા તેઓના વિ.વકીલશ્રી હાજર થયેલ છે અને વિગતવારની મૌખિક રજુઆત કરેલ છે.

(૪) આ કામે એપેલેન્ટ/તે મુળ વાદી તરફે આંક-૧૮ થી લેખિત દલીલ રજુ કરેલ છે જેની વિગતો વંચાણે લીધી તેમજ પોતાની અરજીના સમર્થનમાં નામદાર સુપ્રિમકોર્ટનો ચુકાદો ૨૦૧૫(૦)એ.આઈ.જે.ઈ.એલ. એસ.સી.૫૬૦૯૩ એકઝીકયુટીવ ઓફીસર અંતીયુર ટાઉન પંચાયત વિરુઘ્ધ જી.અરૂમુગમ(ડી) તેમજ ૧૯૯૮ સી.જે.(અલ્હાબાદ) ૬૮૬ અલ્હાબાદ હાઈકોર્ટ પુરણમાસી યાદવ વિરુઘ્ધ નરબેદેશ્વર ત્રિપાઠી અને અઘર્સના ચુકાદાઓ રજુ રાખી તેના પર આધાર રાખેલ છે.

(૫) આ કામે એપેલેન્ટ/તે મુળ વાદી તરફે હાલની અરજી મુદ્દતદોષ માફ થવા કરેલ હોવાથી કેસના અન્ય ગુણદોષની ચર્ચા વિસ્તારથી કરવી વ્યાજબી અને ન્યાયી જણાતું નથી. અત્રેની અદાલતે વિલંબ દરગુજર કરવો જોઈએ કે નહી તે બાબતને સવિશેષ ધ્યાને લઈ ચર્ચાના કારણો સીમીત રાખેલ છે.

(૬) આ કામે બંને પક્ષકારોની રજુઆત ધ્યાને લીધી તેમજ અરજીમાં જણાવેલ વિગતો પણ ધ્યાને લીધી અને એપેલેન્ટ/તે મુળ વાદી તરફે રજુ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લીધા.આ કામે એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આ કામે એપેલેન્ટ/તે મુળ વાદીએ વિધ્વાન ટ્રાયલ કોર્ટે હુકમ કરેલ તે હુકમ સામે દિવસ ૩૦ ની અંદર અત્રેની કોર્ટ સમક્ષ અપીલ દાખલ કરવાની હતી પરંતુ એપેલેન્ટ/તે મુળ વાદીની રજુઆત મુજબ તેઓ કાયદાકીય અજાણ હોઈ જે તે સમયે અપીલ દાખલ કરી શકેલ નહી અને ત્યારબાદ તેઓએ તારીખ ૧૮-૦૧-૨૦૧૮ના રોજ ખરીનકલ માટેની અરજી કરેલ. આમ, હાલની અપીલ દાખલ કરવામાં ૩૮ દિવસનો વિલંબ થયેલ હોઈ, જે વિલંબ માફ કરી અપીલ દાખલ કરવાનો હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે. આમ હાલના કામે અપીલ દાખલ કરવામાં ૩૮ દિવસનો શુદ્ધબુદ્ધનો વિલંબ થયેલ છે જે વિલંબ માફ કરવા અરજ કરેલ છે. આ કામે રજુ હકીકતને ધ્યાને રાખતા તેમજ કાયદાના પ્રસ્થાપીત સિદ્ધાંતો મુજબ સામાન્ય રીતે કોઈપણ ન્યાય ગુણદોષ ઉપર એટલે કે, મેરીટસ ઉપર આવવો જોઈએ. એટલું જ નહિં પરંતુ ટેકનાલીટીના કારણે કોઈને અન્યાય થાય તો ગુણદોષ ઉપર ન્યાય મેળવી શકે નહિં. નામ. ગુજરાત વડી અદાલતના ચૂકાદા પ્રમાણે તેમજ અન્ય ચૂકાદાઓમાં પ્રસ્થાપીત થયેલ કાયદાના સિદ્ધાંતો પ્રમાણે કોઈપણ કેસ ખાસ કરીને અપીલ/રીવીઝન જે દાખલ કરવાની છે તેનો નિકાલ ગુણદોષ ઉપર આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે અને તેથી એપેલેન્ટ/તે મુળ વાદીની હાલની મુદ્દતદોષની અરજી મંજુર કરવામાં આવે તો તે ન્યાયના હિતમાં યોગ્ય અને વ્યાજબી ગણાશે તેથી એપેલેન્ટ/તે મુળ વાદીને અપીલ દાખલ કરવામાં થયેલ ૩૮ દિવસનો વિલંબ માફ કરવાનું ન્યાયના હિતમાં યોગ્ય

અને વ્યાજબી જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧) આથી, એપેલેન્ટ/તે મુળ વાદીની હાલની મુદૃતદોષની અરજી ''**મંજુર**'' કરવામાં આવે છે.

૨) રેગ્યુલર દિવાની મુકદમા નં.૯૪/૨૦૧૪ ના કામે તા.૧૯/૧૨/૨૦૧૭ ના રોજના એડી.સીવીલ જજ ભચાઉ–કચ્છનાઓના હુકમ સામે અપીલ દાખલ કરવા માટે જે વિલંબ થયેલ છે તે વિલંબ દરગુજર કરવામા આવે છે.

૩) આ કામે રજીસ્ટ્રારશ્રીને આદેશ કરવામા આવે છે કે, એપેલેન્ટ/તે મુળ વાદીની અપીલ જરૂરી રજીસ્ટરે નોંધી નિયમ મુજબની આગળની કાર્યવાહી માટે મુકવી.

૪) બંને પક્ષકારોએ પોતે પોતાનો જાતે ખર્ચ ભોગવવો.

આ હુકમ આજરોજ તા.૨૫ મી, માહે–જાન્યુઆરી,સને ૨૦૨૩ ના દિવસે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

સહી/–

તા. ૨૫/૦૧/૨૦૨૩
સ્થળ : ભચાઉ–કચ્છ

(પી.ટી.પટેલ)
બીજા ડીસ્ટ્રીકટ એન્ડ એડીશનલ સેસન્સ જજ
ભચાઉ–જી.કચ્છ.
જી.જે.૦૦૫૨૮